નં.જીઆઈડીસી/ ઓએન્ડએમ/સીઆઈઆર/કોસ્ટ/૫૭
જીઆઈડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા: ૩૦-૦૯-૨૦૧૬

## // પરિપત્ર //

નિગમની તારીખ:૨૯-૦૯-૨૦૧૬ ના રોજ મળેલ ૪૯૨મી સભામાં, નિગમની વસાહતમાં સ્થાપવામાં આવનાર એમ.એસ.એમ.ઈ. / વુમન ડેવલોપમેન્ટ **પાર્કના ઉદ્યોગકારોને** સ્ટેટ લેવલ એમ.પાવર કમિટિ ધ્વારા ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ નં.એમઆઈએસ/૧૦૨૦૧૫/૪૩૦૯૦૬/ચ, તા.૧૦/૦૩/૨૦૧૫ માં સૂચવ્યા મુજબની શરતોને આધિન **હાલના તબકકે** ભવિષ્યમાં મળનાર ૫૦% સુધીની અનુદાનની રકમ ધ્યાને લેતાં, **નીચે મુજબનો કામચલાઉ ફાળવણી દર** નકકી કરવામાં આવે છે.

- નિગમની **સાણંદ-૨ (બોળ)** ઔદ્યોગિક વસાહતમાં આવેલ **એમ.એસ.એમ.ઈ.પાર્કનો ફાળવણી દર રૂા.૩૦૧૦/- પ્રતિ ચો.મી.દીઠ** નકકી કરવામાં આવે છે.
- નિગમની **સાયખા** ઔદ્યોગિક વસાહતમાં આવેલ **જુનેદ(સાયખા) એમ.એસ.એમ.ઈ.પાર્કનો ફાળવણી દર રૂા.૧૩૯૦/- પ્રતિ ચો.મી.દીઠ** નકકી કરવામાં આવે છે.
- નિગમની **હાલોલ (વિતરણ)** ઔદ્યોગિક વાસહતમાં આવેલ **એમ.એસ.એમ.ઈ.પાર્કનો ફાળવણી દર રૂા.૧૫૯૦/- પ્રતિ ચો.મી.દીઠ** નકકી કરવામાં આવે છે.

જો ભવિષ્યમાં મળનાર ૫૦% અનુદાનમાં કોઈ વધઘટ થશે તો તેને અનુરૂપ ફાળવણી દરમાં ફેરફાર કરવામાં આવશે. આ ઉપરાંત **લેન્ડ રેફરન્સ કેસો પરત્વે ઉભી થનાર નાણાંકિય જવાબદારીનો** ફાળવણી દરોમાં, **સમાવેશ થતો નથી.** માટે નામ.કોર્ટના હુકમ અન્વયે જે નાણાંકિય જવાબદારીની રકમ આખરી થાય તે રકમ તથા ફાળવણી દરમાં થયેલ ફેરફારના તફાવતની રકમ ફાળવણીદારો પાસેથી નિગમના નીતિ નિયમ મુજબ અલગથી વસૂલ કરવાની રહેશે. ઉપરોકત વસૂલ કરવા અંગેની બન્ને બાબતોનો ફાળવણી પત્ર અને કરારખત / લીઝડીડમાં અચૂક ઉલ્લેખ કરવાનો રહેશે. જે બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી
જીઆઈડીસી,ગાંધીનગર.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ........

રવાના કર્યું.

કાર્યપાલક નિયામક (ઈએન્ડએ)
જીઆઈડીસી,ગાંધીનગર..

નં.જીઆઈડીસી/ ઓએન્ડએમ/સીઆઈઆર/કોસ્ટ/૫૫
જીઆઈડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા: ૩૦-૦૯-૨૦૧૬

## // પરિપત્ર //

નિગમની તારીખ:૨૬-૦૯-૨૦૧૬ ના રોજ મળેલ ૪૯૨મી સભામાં, સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં આવેલ **મિયાંવાડી ઔદ્યોગિક વસાહતનો હાલ ફાળવણી દર રૂ.૧૮૬૦/- પ્રતિ ચો.મી.દીઠ (અંદાજિત) નક્કી કરવામાં આવે છે.**

સદર વસાહતમાં **એમ.એસ.એમ.ઈ.સેકટર / વુમન ડેવલોપમેન્ટ પાર્કમાં** આવનાર ઉદ્યોગકારોને સ્ટેટ લેવલ એમ.પાવર કમિટિ ધ્વારા ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ નં.એમઆઈએસ/૧૦૨૦૧૫/૪૩૦૯૦૬/ચ, તા.૧૦/૦૩/૨૦૧૫ માં સૂચવ્યા મુજબની શરતોને આધિન હાલના તબકકે ભવિષ્યમાં મળનાર ૫૦% સુધીની અનુદાનની રકમ ધ્યાને લેતાં, **ફાળવણી દર રૂ. ૯૩૦/- પ્રતિ ચો.મી.દીઠ (અંદાજિત) નક્કી કરવામાં આવે છે.**

જો ભવિષ્યમાં મળનાર **૫૦% અનુદાનમાં કોઈ વધઘટ થશે તો તેને અનુરૂપ ફાળવણી દરમાં થયેલ ફેરફારના તફાવતની રકમ એમ.એસ.એમ.ઈ.સેકટર / વુમન ડેવલોપમેન્ટ પાર્કના ફાળવણીદારો પાસેથી નિગમના નીતિ નિયમ મુજબ અલગથી વસૂલ કરવાની રહેશે.**

આ ઉપરાંત, **સરકારશ્રી માંથી જમીન સંપાદનનો દર આખરી થયે, તફાવતની રકમ, વસાહતના તમામ ફાળવણીદારો પાસેથી નિગમના નીતિ નિયમ મુજબ અલગથી વસૂલ કરવાની રહેશે.**

ઉપરોકત વસૂલ કરવા અંગેની બન્ને બાબતોનો લાગુ પડતા ફાળવણીદારોના ફાળવણી પત્ર અને કરારખત / લીઝડીડમાં અચૂક ઉલ્લેખ કરવાનો રહેશે. જે બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી
જીઆઈડીસી,ગાંધીનગર.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ........

રવાના કર્યુ.

કાર્યપાલક નિયામક (ઈએન્ડએ)
જીઆઈડીસી, ગાંધીનગર.